# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોનઃ ૦૨૮૩૨–૨૫૩૫૫૦   ફેક્સઃ ૦૨૮૩૨–૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૧૮/1146   તારીખ: 20/10/18

રજી. એ.ડી. દ્વારા

પ્રતિશ્રી,

શ્રી દામજી કારા ગાગલ,

મુ-પો ચપરેડી,

અટલ નગર,

તા-ભુજ-કચ્છ, મોબાઇલ નંબર:-૯૯૭૯૬ ૯૮૮૭૧

વિષય :– કેસ નંબર પીજી૦૨/૦૦૪/૨૦૧૮-૧૯

સંદભઃ– આપની અરજી નોંધણી નં. પીજી૦૨/૦૦૪/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વહોનીયા)

કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

(૨) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, ભુજ રૂરલ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ


પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ 146 તારીખ: 20/10/18

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ. No.PG-002-004-2018-19.

અરજદાર: શ્રી દામજી કારા ગાગલ

મુ.પો.-ચપરેડી(અટલનગર), તા.-ભુજ, જી.કચ્છ

રજૂઆત કરનાર: શ્રી દામજી કારા ગાગલ.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

રજૂઆત કરનાર: શ્રી જે.જે.ક્રિશ્ચિયન,નાયબ ઈજનેર(ટેક),પી.જી.વી.સી.એલ,ભુજ ડીવીઝન,ભુજ-કચ્છ

## :: ફોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન

૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.

તારીખ: ૨૮/૦૯/૨૦૧૮

Scanned by CamScanner

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી દામજી કારા ગાગલ, ગ્રાહક નં.- ૩૮૮૦૫/૦૦૫૮૨/૭નું ખેતીવાડી વીજજોડાણનું ઓક્ટોબર નવેમ્બર ૨૦૧૪માં મીટર બળી ગયેલ હતું.

૧.૧ પ્રથમ બીલ તા.૨૧/૧૧/૨૦૧૪ના રોજ રૂ.૦૦.૦૦નું બાદમાં તા.૦૧/૧૨/૨૦૧૪ના રોજ રૂ. ૮૧૭૬/-નું બીલ બનાવેલ હતું.

૧.૨ તા.૧૬/૦૮/૨૦૧૫ના રોજ લોકનું બીલ બનાવેલ હતું. ત્યારબાદ ૦૬ મહિનાના ૦૬ બીલ ફોલ્ટી બનાવેલ, જે ખરેખર ખોટા છે.

૧.૩ મીટર બદલાવવાની અરજી કરવા છતાં મીટરબદલવામાં આવેલ ન હતું. ૦૩ મીટરના બીલ ફોલ્ટી આવેલ. ત્યારબાદ ૦(ઝીરો) યુનિટના બીલ આપેલ છે. માટે મીટર બદલ્યા વગર '૦' યુનિટના બીલ કેવી રીતે આવે, તે ભૂલ છે.

૧.૪ અરજદારશ્રી દામજી કારા ગાગલને તા.૦૪/૦૬/૨૦૧૮ના રૂ.૫૭૧૭/-નું બીલ આપેલ છે. જ્યારે તા.૩૧/૦૭/૨૦૧૮ના રોજ રૂ.૩૬૬૪/-નું બીલ આપેલ છે. જે બીલ વધારે છે.

૧.૫ પી.જી.વી.સી.એલ. દ્વારા મીટરને 'F' ગણીને ખોટી ઓડીટ રીકવરી કરવામાં આવેલ છે. આ ઓડીટ રીકવરી રદ કરવા અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સદર ગ્રાહકનું મીટર તદ્દન બળી ગયેલી હાલતમાં માલૂમ પડેલ.

૨.૧ સદરહુ ગ્રાહકને નીચે મુજબના માસમાં આપવામાં આવેલ "૦" યુનિટના બીલનો ઓડીટ ટીમ ભાવનગર wrap મીટર રજિસ્ટરના આધારે કુલ ૭૧૪૮૦ યુનિટની કુલ્લ રૂ.૪૨,૮૮૮/-ની રીકવરી નીકળતાં તે રકમની તા. ૦૯/૦૫/૨૦૧૮ના રોજ ડેબીટ ભરવામાં આવેલ. જેનાથી સદરહુ ગ્રાહકની ફરિયાદ ઉદભવેલ છે.

૨.૨

| | |
|---|---|
| બીલીંગ માસ-ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૫<br>ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૫ અને<br>ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૬ | ગ્રાહકની સીસ્ટમ મુજબ એવરેજ<br>૮૫૮૦ યુનિટ પ્રમાણે |
| બીલીંગ માસ –ડીસેમ્બર-૧૬ જાન્યુઆરી-૧૭-<br>ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૭ | ગ્રાહકની સિસ્ટમ મુજબની એવરેજ<br>૧૦,૦૦૦ યુનિટ પ્રમાણે |

૨.૩ આમ ઉપરોક્ત ગ્રાહકને જે '૦' યુનિટના બીલ આપવામાં આવેલ આવેલ તે એમના એવરેજ વપરાશના આધારે ઓડીટ રીપોર્ટના આધારે ગ્રાહકના ખાતામાં ઉપરોક્ત રકમ ઉધારવામાં આવેલ. એ નિયમ મુજબ છે.

૨.૪ વધુમાં સદરહુ ગ્રાહકનું મીટર લેબ ઓપન તા.૦૭/૦૯/૨૦૧૮ના રોજ કરવામાં આવતા મીટર સંપૂર્ણપણે બળેલ માલૂમ પડેલ છે.

Scanned by CamScanner

૨.૫ વધુમાં ગ્રાહકની ઉપરોક્ત બીલ સામે રજૂઆત આવતાં સંબંધિત પેટાવિભાગીય કચેરી દ્વારા મીટર બદલ્યા પહેલાંની સરેરાશ વપરાશ ૮૫૮૦ યુનિટના આધારે કુલ્લ રૂ. ૫૧૧૨/- જમા આપેલ છે. પરંતુ જેમનાથી ગ્રાહકને સંતોષ ન થતાં ગ્રાહકે તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ કરેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રી દામજી કારા ગાગલ, ગામ-ચપરેડી(અટલનગર) તા.ભુજ(કચ્છ) ખાતે ૪૦ હોર્સપાવરનું ખેતીવાડી વીજજોડાણ ૩૮૮૦૫/૦૦૫૮૨/૭ ધરાવે છે.

3.૧ સદરહુ ગ્રાહકનું ખેતીવાડી વીજકનેક્શનનું મીટર ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૪માં બળી ગયેલ. જેના અનુસંધાને ગ્રાહક દ્વારા બળેલ મીટર ચાર્જ રૂ. ૨૨૭૫/- તા. ૨૭/૦૪/૨૦૧૫ દ્વારા ભરપાઈ કરવામાં આવેલ.

3.૨ ભુજ ગ્રામ્ય પેટાવિભાગ દ્વારા બળેલ મીટર બદલવાની દરકાર કર્યા વગર જુદા જુદા સમયે એવરેજ બીલ તથા અમુક સમયે '0' યુનિટના બીલ આપવામાં આવેલ.

3.3 સદરહુ ગ્રાહકનું મીટર ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૪માં બળી ગયા બાદ ભુજ ગ્રામ્ય પેટાવિભાગ દ્વારા આશરે 3(ત્રણ) વર્ષ બાદ એટલે કે તા.૦૧/03/૨૦૧૮ના રોજ મીટર બદલવામાં આવેલ.

3.૪ સદર મીટરની મીટર ટેસ્ટીંગ લેબોરેટરી ભુજ ખાતે ચકાસણી કરવા માટે તા. ૧૭/૦૫/૨૦૧૮, ૧૮/૦૫/૨૦૧૮ અથવા તા.૧૯/૦૫/૨૦૧૮ના રોજ ઉપસ્થિત રહેલ નથી.

3.૫ ઉકત સંજોગોમાં સદરહુ થ્રી ફેઈઝ ખેતીવાડી મીટરની એકતરફી ચકાસણી રોજકામ મીટર ટેસ્ટીંગ લેબોરેટરી ભુજ ખાતે તા.૦૭/૦૯/૨૦૧૮ના રોજ કરવામાં આવેલ.

3.૬ મીટરની તા.૦૭/૦૯/૨૦૧૮ની ચકાસણી દરમ્યાન અડધી બળી ગયેલ MMB તથા પીગળી ગયેલ હાલતમાં થ્રી ફેઈઝ મીટર મળેલ છે. ઉપરાંત ૦૨(બે) નંગ રીંગ સીટી ડેમેજ બળેલ હાલતમાં તથા ત્રીજા સીટીના વાયર ડેમેજ બળેલ હાલતમાં મળેલ. મીટર તથા તેની વિગત અવાચ્ય જોવા મળેલ. સદર મીટરના સીલો પણ બળીને પીગળી ગયેલ છે.

3.૭ પી.જી.વી.સી.એલ. દ્વારા સદર મીટરને સરકાર માન્ય ફોરેન્સિક લેબમાં જરૂરી ચકાસણી માટે મોકલવાની રોજકામમાં નોંધ કરવામાં આવેલ છે.

3.૮ પી.જી.વી.સી.એલ. ભાવનગરની ઓડીટ ટીમ દ્વારા એપ્રિલ-૨૦૧૬ માર્ચ-૨૦૧૭ના પીરીયડ માટે ૧૭/૦૪/૨૦૧૮ થી ૨૭/૦૪/૨૦૧૮ના રોજ ભુજ ગ્રામ્ય પેટાવિભાગનું ઓડીટ કરવામાં આવેલ.

3.૯ આ ઓડીટ દરમ્યાન દામજી કારા ગાગલના ૪૦ હો.પા.ના ખેતીવાડી કનેક્શન માટે એપ્રિલ-મે-૨૦૧૫, ઓક્ટોબર-નવેમ્બર- ૨૦૧૫, ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૬, ડીસેમ્બર-જાન્યુઆરી-૨૦૧૭, ફેબ્રુઆરી-માર્ચ-૨૦૧૭ માટે ટોટલ ૭૧૪૮૦ યુનિટ માટે રૂ. ૪૨,૪૮૮/-ની ઓડીટ રીકવરી પ્રપોઝ કરવામાં આવેલ.

3.૧૦ આ ઓડીટ રીકવરીના અનુસંધાને ભુજ ગ્રામ્ય પેટાવિભાગ દ્વારા ગ્રાહકના ખાતામાં કુલ્લ ૭૧૪૮૦ યુનિટની કુલ રૂ. ૪૨૮૮૮/-ની રીકવરી નીકળતાં ડેબીટ ભરવામાં આવેલ.

3.૧૧ ઉપરોક્ત રીકવરી સામે ગ્રાહકની રજૂઆત આવતાં મીટર બદલ્યા પહેલાંની સરેરાશ વપરાશ ૮૫૮૦ યુનિટના આધારે કુલ્લ રૂ.૫૧૧૨/- જમા આપેલ છે.

Scanned by CamScanner

૩.૧૨ પી.જી.વી.સી.એલ.ના આ નિર્ણયથી સંતોષ ન થતાં અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં ફરિયાદ કરવામાં આવેલ.

૩.૧૩ સપ્લાય કોડ જાહેરનામા ક્રમાંક ૦૪/૨૦૧૫ ક્લોઝ ૬.૮૪ મુજબ કોઈપણ ગ્રાહક પાસે ચૂકવણીમાં કસૂરને કારણે બાકી નીકળતી રકમ આવી રકમ પ્રથમ બાકી નીકળે તે તારીખથી ૨ વર્ષની મુદ્દત પછી વસૂલાતપાત્ર થશે નહીં. સિવાય કે આવી રકમ અધિનિયમની કલમ-૫૬ અનુસાર પૂરા પાડેલ વીજળી માટે ખર્ચની બાકી રકમ તરીકે સતત દર્શાવવામાં આવી હોય.

૩.૧૪ સદર કિસ્સામાં ઓડીટ ટીમ દ્વારા એપ્રિલ ૨૦૧૬ થી માર્ચ ૨૦૧૭ના પીરીયડ માટે તા.૧૭/૦૪/૨૦૧૮ થી તા.૨૭/૦૪/૨૦૧૮ના રોજ ભુજ(ગ્રામ્ય) પેટા વિભાગનું ઓડીટ કરવામાં આવેલ.

૩.૧૫ સપ્લાય કોડની શરત ૬.૮૪ મુજબ સદર કિસ્સામાં એપ્રિલ-મે-૨૦૧૫તથા ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૫ના સમયગાળા માટેની ઓડીટ રીકવરી કરી શકાય નહીં.

૩.૧૬ આથી પી.જી.વી.સી.એલ.ને હાલના તબક્કે એપ્રિલ-મે-૨૦૧૫ તથા ઓક્ટોબર નવેમ્બર ૨૦૧૫ આમ કુલ ૪ માસની રીકવરી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. આ સમયગાળાની ઓડીટ રીકવરીની રકમ બાકી રહેતા એરીયર્સમાંથી રદ કરવા અથવા બીલમાં રીફંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩.૧૭ સદર કિસ્સામાં સદર મીટરનો સરકાર માન્ય ફોરેન્સિક લેબોરેટરીનો રીપોર્ટ મળ્યા બાદ જરૂર લાગે તો નિયમ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૩.૧૮ આથી આ મુજબ હુકમ કરવામાં આવે છે.

૩.૧૯ અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Joshi Nitinkumar

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.બી.પારેખ)
ચેર પર્સન

Certified Copy
CGRF, PGVCL, BHUJ

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Scanned by CamScanner